લોકભારતી, સણોસરા

સાયં પ્રાર્થના

ईशावास्यं इदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुंज्जीथा: मा गृध: कस्यस्विद् धनम् ॥

हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन्न अपावृणु सत्य धर्माय दृष्टये ॥

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

નથી મને કામના રાજ્યની વા, ના સ્વર્ગની, ના ભવ છૂટવાની;
છે કામના એ બસ હું ખપું સૌ, પીડાર્ત કેરાં દુ:ખ ટાળવામાં.

દ્ુવારકે વસનાર ઓ ! ગોધનપાલક કા’ન ! કૌરવ લૂંટે લાજ, હાં ! ધા મારી ધર કાન !
કરેલાં કર્મને લેખે જ્યાં જ્યાં જન્મ મળે મને, ભક્તિ મારી સદા નાથ ! તારામાં દૃઢ ત્યાં હજો !

જેના રદિયામાં વસ્યા, રાધાવર ઘનશ્યામ; એનો જય છે સર્વદા, એને લાભ તમામ.
રોટીને વસ્ત્રની ચિંતા, ઠાલી ભક્તજનો કરે; વિશ્વને પોષનારો શું ભૂખ્યાં રાખે સ્વભક્તને ?

મેઘોથી પડતું પાણી, જેમ સાગરમાં વહે;
પ્રણામો સર્વ દેવોને, પહોંચે જે વિશ્વનાથને.

દયાવાનને કરું પ્રણામ, કૃપાવાનને કરું પ્રણામ.
વિશ્વ સકલનો માલિક તું, અંતિમ દિનનો ચાલક તું.
તારી ભક્તિ કરું સદા, તવ અવલંબન રહો સદા.

આ છે છેલ્લી યાચના આપ પાસે,
મારા ઊંડા છેક અંત:સ્તલેથી;
છેદી નાંખો ક્ષીણતા સર્વ મારી,
પૂરા જોરે ખડગ ઝીંકી પ્રભુજી !

કંગાલોને માનહીણા કરું ના,
જાલિમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે,
ચાલું એવી શક્તિ આપો પ્રભુજી !

કરું બંદગી રહમાનની, કરું બંદગી રહીમની,
દુનિયા સકલ નો માલિક તું, કયામત દિનનો ચાલક તું.
તારી ખિદમત કરું સદા, તવ અવલંબન રહો સદા.

દયાવાનને કરું પ્રણામ, કૃપાવાનને કરું પ્રણામ.
વિશ્વ સકલનો માલિક તું, અંતિમ દિનનો ચાલક તું.
તારી ભક્તિ કરું સદા, તવ અવલંબન રહો સદા.

## हर शुक्रवार को धून के बदले

## सर्वधर्म प्रार्थना

ॐ तत्सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू;
सिद्ध-बुद्ध तू, स्कंद विनायक, सविता पावक तू.
ब्रह्म मज्द तू, यहव शक्ति तू, ईशु पिता, प्रभु तू;
रुद्र-विष्णु तू, रामकृष्ण तू, रहीम ताओ तू.
वासुदेव गो-विश्वरूप तू, चिदानंद हरि तू,
अद्वितीय तू, अकाल निर्भय, आत्मलिंग शिव तू.
ॐ तत्सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू.